

હરિઃૐ
પ્રાર્થના એ તો આપણા જેવા મરેલાને માટે 'મૃત સંજીવની' જેવી છે.અભ્યાસ એ જ આધ્યાત્મિક જીવનની નિસરણી છે.
-મોટા
શ્રીમોટા પત્રાવલી, પૃ- ૭૯,આ-૨
www.hariommota.org


હરિઃૐ
પારકા પૈસાનું જતન પ્રાણ ની પેઠે કરવું.
-મોટા
શ્રીમોટા પત્રાવલિ. પૃ-૭૧.આ-૨
www.hariommota.org

Hari:om

ગમે તે કાર્ય, છો કંઇ પણ કરો તોય મારા હૃદેથી,
તમે ના કેમેય મટી જઇ શકો, વ્હાલસોયા કૃપાથી.
ભલે જે કંઇ ઇચ્છો તમ ડગ ભરી દુઃખ આઘાત દેજો,
સહીશું તે પ્રેમે પ્રિય સ્વજનની જાણીને ભેટ એ તો.

---મોટા.

શ્રીમોટા પત્રાવલી.પૃ-૩૪,આ-૨

www.hariommota.org

Hari:om

શિશુ લાત મારે નિજ જનનીને,તોય મા તો કદીયે,
શિશુને અંકેથી મૂકી નવ શકે,એવી મારી દશા છે.
ભલેને પ્રત્યક્ષે જીવન તમને પ્રેરણા આપનારો,
જણાતો ન હોઉં,પણ તમો પ્રતિ જોઉં તે તાત જાણે.

--- મોટા

શ્રીમોટા પત્રાવલી.પૃ-૩૪.આ-૨.

www.hariommota.org

હરિઃૐ

કૃપા કરીને તમારું પોતાનું પૂરેપૂરું પૃથકકરણ કરતા રહેશો
અને આપણી જાતને સાચી રીતે તપાસી રહ્યા કરીને,
જેવા હોઈએ તેવાં જ ભગવાનના ચરણકમળ આગળ
ન્યોછાવર થયા કરીને,ભગવાનની ભાવનામાં જીવંત
રહેવાને માટે જે કંઇ યજ્ઞ રૂપે કરીએ એનું જ
નામ આધ્યાત્મિકતા છે.-મોટા.

શ્રીમોટા પત્રાવલી. પૃ-૯,આ-૨

www.hariommota.org


હરિઃૐ


રોજ રાત્રે સુતીવેળા ધોયેલું પહેર્યું હોય
તો ઉત્તમ, હાથ, પગ, મોં
બરાબર ધોઈને સૂઈ જવું.
અગરબત્તી સળગાવવી, પ્રાર્થના કરીને
નામસ્મરણ કરતાં કરતાં ઊંઘી જવાય,
એટલે ઊંઘી જવું.




જીવનસોપાન. આ.-૫.પૃ-૧૫૬ - મોટા

www.hariommota.org



હરિઃૐ
મારાં પુસ્તકો તારે એક એક
લઇને વારાફરતી વાંચતા રહેવું.
એક પૂરું થાય કે બીજું લેવું.
અનુક્રમે બધાં જ પુસ્તકો વાંચી લેવાં અને
તે બધાં પુરા થયેથી ફરી તે શરુ કરવું.
મારું લખાણ સીધું સાદું છે
અને સમજણ પડે તેવું છે.
www.hariommota.org
જીવનસોપાન. આ.-૫.પૃ-૫૫ - મોટા



હરિઃૐ
વર્ષમાં જુદી જુદી ઋતુઓ પ્રગટે,
તેમ જીવનમાં પણ વાદળાં જરૂર આવે,
પણ તે જરૂર વિખરાઈ જવાનાં.
સદાકાળ કોઈની કંઈ એકની
એક દશા પ્રગટેલી રહી શકતી નથી.
હોળી પણ પ્રગટે છે,
પણ તે શાંત થઈ જવાની જ હોય છે,
તે પણ નકકી.
www.hariommota.org
જીવનસોપાન. આ.-૫.પૃ-૨૪૪ - મોટા



હરિઃૐ
ક્યાંક વહેલું ગાડીએ જવાનું હોય છે,
તો આપણે વહેલા ઉઠીને બધું ઝટ
પરવારવાનું કરી લઈએ છીએ,
કિંતુ આ મહામુસાફરી (મૃત્યુ) તો નિશ્ચિત જ છે,
તેમ છતાં મહા આશ્ચર્યમાંનું આશ્ચર્ય તો એ છે કે
કોઈ પણ તેને કાજે તેયારી કરતું જણાતું નથી.
www.hariommota.org
જીવનસોપાન. આ.-૫.પૃ-૧૨૯ - મોટા



હરિઃૐ
કોઈપણ જાતના ચમત્કાર વિષે માનવું નહિ.
જ્યાં કંઈ ચમત્કારનું નામ સાંભળીએ
ત્યાં મનથી ઝાઝું દોરવાઈ જવું નહિ.
હરિઃૐ હરિઃૐ હરિઃૐ હરિઃૐ હરિઃૐ
www.hariommota.org
જીવનપગરણ. પૃ.-૭૧, આ.-૪. - મોટા



હરિ:ૐ
જે કોઇ મથે છે
એને એની ભુલ તુરંત સમજાય જાય છે.
ભગવાનની કૃપા જ એને
જે કંઇ કરવું ઘટતું હોય તે કરાવે છે.
જીવન પગરણ. પૃ.-૫૧, આ.-૪ - મોટા
www.hariommota.org


હરિ:ૐ
નમ્રતાની છેલ્લી હદ સુધી જઇને ખુબ
લળીલળીને ભગવાનની પ્રાર્થના કર્યા કરશો.
"કૃપા ગંગા તારી,
સતત ઉતરો હું-પર પ્રભો"
www.hariommota.org
જીવન પગરણ. પૃ.-૪૫, આ.-૪ - મોટા



હરિઃૐ
આપણ વિષે સહેજ પણ કોઈના
દિલમાં વિરોધીભાવ હોય તો
એના પ્રત્યે ખુબ પ્રેમભાવ આપણે રાખવાનો છે.
એને મનાવવા જવાનું નથી,
પણ પ્રેમભાવ ખુબ રાખવાનો છે.
www.hariommota.org
જીવન પગરણ. પૃ.-૧૧૭, આ.- ૪
- મોટા


હરિઃૐ
કુટુંબીજનો, એ તો ભગવાને આપેલી ભેટ છે,
એટલે એ ભેટનો ઉપયોગ એવી રીતે કરીએ
કે જેથી ભેટ પણ શોભે,
ભેટ જેને મળી હોય ને ઉપયોગ કરનાર હોય
એ પણ દીપી ઉઠે,
ને ભેટ આપનારનો મન પણ સંતોષ થાય કે
ભેટ નો સુંદર ઉપયોગ કર્યો.
જીવન પગરણ.પૃ.-૧૫૫, આ.-૪.
- મોટા
www.hariommota.org


હરિ:ૐ
જગતમાં આપણું કોઇ વેરી નથી.
કોઇના તરફથી જો દુ:ખ મળે છે
તો આપણા પોતાના જ કર્મની છાયા છે,
એમ માનવું પણ સામાના વિશે મનમાં કશું ધારવા કે
માનવાપણું આપણે રાખવું નહિ.
એમાં આપણા જીવનનું પતન છે.
ભગવાન આપણને એવા પતનમાંથી બચાવે
એ જ પ્રાર્થના
www.hariommota.org
શ્રીમોટા પત્રાવલી, પૃ- ૮૯,આ-૨ - મોટા


Hari:Om
તમે છોને ભાગો,જઇ જઇ કહીં કયાં જવાના તમે છો,
તમારું ને મારું સગપણ કર્યું તે ન મિથ્યા થવાનું!
--મોટા
શ્રીમોટા પત્રાવલી, પૃ-૩૪,આ-૨
પૂજ્ય શ્રીમોટા
www.hariommota.org



Hari:om
માનવી પોતાની જ ઝંખનામાંથી આરો
આવી શકવાનો વખત પાછો ઠેલતો હોય છે.
---મોટા
શ્રીમોટા પત્રાવલી.પૃ-૩૫,આ-૨
હરિઃૐ
પૂજ્ય શ્રીમોટા
www.hariommota.org



Hari:om
પ્રભુમાં જીવ રાખીને જયાં હો ત્યાં
આનંદભાવે કલ્લોલ કરતા રહેજો ને
બધામાં પ્રભુની ભાવના કેળવ્યા કરવાનું
ધ્યાન લક્ષ્ય રાખ્યાં કરશો, એ જ મારી
વિનંતિ ફરી ફરીને છે.
-મોટા
પૂજ્ય શ્રીમોટા
શ્રીમોટા પત્રાવલી, પૃ- ૫૫,આ-૨
www.hariommota.org


Hari : Om
ફૂલની સુવાસ જેમ આવ્યા વિના રહી
શકે નહિ તેમ જીવનના સંસ્કારોની
છાપ પણ પડયા વિના રહી શકતી જ નથી.
-મોટા
શ્રીમોટા પત્રાવલી, પૃ- ૭૫,આ-૨
www.hariommota.org



Hari:om
કોઈના દોષ બતાવવાનું કામ આપણું નથી.
-મોટા
પગલે પગલે પ્રકાશ, પૃ-૧૧૪, આ-૩
www.hariommota.org


હરિઃૐ
ખપ વિનાનું બોલવું નહિ.
દસ વાકયોને સ્થાને એક વાકય બોલવું.
-મોટા
www.hariommota.org
પગલે પગલે પ્રકાશ. પૃ-૫૪, આ-૩


હરિઃૐ
કર્મનો સિધ્ધાંત વિચાર કરીને
જે પુરુષાર્થ છોડી દેવાની વાત
કરે છે તે કાયર પુરુષ છે.
- મોટા
જીવનસંદેશ. પૃ-૧૬૫, આ-૬.
www.hariommota.com


(ટેપ) રેકર્ડ સ્મરણ કરે અને માનવી સ્મરણ
કરે એ બન્નેમાં આસમાન જમીનનો ફરક છે.
એક નિર્જીવ છે જયારે બીજું ચેતનવાળું પ્રાણી છે.
સ્મૃતિશાસ્ત્રમાં જપને જપયોગ કહેલો છે.
એના આધારથી જીવનનું પરિવર્તન થયેલું છે.--- મોટા
પગલે પગલે પ્રકાશ.-પૃ.૧૦૯,આ.-૩
www.hariommota.org


હરિઃૐ
વ્રત લઈએ અને ન પળાય તો તેથી આપણે વધારે
સગડગવાળા થઈએ છીએ.વ્રત કે નિશ્ચય પાળવાથી
કરીને તેનું બળ (આપણું મનોબળ) વધે છે.
-મોટા
પગલે પગલે પ્રકાશ, પૃ-૧૧૮,આ-૩
www.hariommota.org


હરિઃૐ
તમે જયાં હો ત્યાં પ્રભુ તમારું સર્વ રીતે
કલ્યાણ કરો એ જ પ્રાર્થના છે.
જયાં હો ત્યાં કૃપા કરીને મારા જેવાને
યાદ કરશો, જે તમારું કોઈ અંગત
સાચું સ્વજન છે.
-મોટા
શ્રીમોટા પત્રાવલિ.પૃ-૬૮,આ-૨
www.hariommota.org


હરિઃૐ
અભ્યાસ એ જ અધ્યાત્મિક જીવનની નિસરણી છે.
સાધકના જીવનની તે પાંખો છે. એટલું જ નહિ
પરંતુ તે એના પ્રાણરૂપે છે.
-મોટા
શ્રીમોટા પત્રાવલિ. પૃ-૭૯,આ-૨
www.hariommota.org